PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CI

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com**

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૨/ક્વા–૦૩/૧૮–૧૯/ 225-2 તા 5-1-19

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ધીરૂભાઈ કાનાભાઈ વાગડીયા,
મુ.પ્લાસવા,
ખોડિયાર મંદીર પાસે,
તા.જી. જુનાગઢ
મો: ૯૯૭૪૯ ૪૬૫૯૮, ૯૯૭૪૬ ૪૬૫૯૮,

વિષય :–ભાવપત્રક ની મુદત વધારવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૬–૧૧–૧૮ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૨/ક્વા–૦૩/૧૮–૧૯ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : ઉપર મુજબ

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી , જુનાગઢ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ
... સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નામદાર જીઈઆરસી ના આયોગ ના જાહેરનામા: ૦૨/૨૦૧૧ ની કલમ ૨.૫૨ મુજબ – સદર હુકમ ના પાલન અંગે થયેલ કાર્યવાહીનો જરૂરી અહેવાલ અત્રેની ફોરમ કચેરીને ફરજીયાત પાઠવવાનો રહેશે.
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૫૨/કવા–૦૩/૧૮–૧૯ | કમિટી મીટીંગ: તા. ૨૯–૧૨–૧૮ | સ્થળ : જુનાગઢ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ધીરૂભાઈ કાનાભાઈ વાગડીયા, ગામ: પ્લાસવા

રજુઆત કરનાર: અરજદાર ધીરૂભાઈ કાનાભાઈ વાગડીયા હાજર રહેલ છે.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ (કાર્યક્ષેત્ર : ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ)

રજુઆત કરનાર :એલ.કે.પરમાર – કાર્યપાલક ઈજનેર ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ

## : હુકમ :

ફરીયાદ : ભાવપત્રક ની મુદત વધારવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર ધીરૂભાઈ કાનાભાઈ વાગડીયા, ગામ:પ્લાસવા તેઓની અરજી ના નોંધણી નંબર :૫૨/કવા–૦૩/૧૮–૧૯ મા જણાવે છે કે, તેઓ પ્લાસવા ગામ મા સર્વે નંબર: –૧ પૈકી ૩ પૈકી ૧ માં ૬ હોપા નું ખેતીવાડી વીજજોડાણ લેવા માટે તા.૦૯–૦૨–૧૫ ના રોજ નોંધણી કરાવેલ – જે અનુસંધાને – પીજીવીસીએલ ગ્રામ્ય પેટા વિભાગીય કચેરી ના પત્ર તા.૧૪–૦૩–૧૮ થી જરૂરી દસ્તાવેજીક પેપર્સ માંગવામા આવેલ હતા. જે તેઓએ સદર કચેરીમાં રજુ કરેલ – જેના અનુસંધાને – તા.૧૮–૦૫–૧૮ ના રોજ ભાવપત્રક અપાયેલ હતુ, જે ભરપાઈ કરવાની છેલ્લી તા.૧૮–૦૬–૧૮ હતી. જે તેઓના કુટુંબ મા માંદગીના કારણોસર અને આર્થિક નાણાકીય ભીડના કારણોસર – સમયમર્યાદા મા ભરપાઈ થયેલ નથી. જેની તેઓને જાણકારી થતા – તા.૨૩–૦૭–૧૮ ના રોજ ભાવપત્રક ભરપાઈ કરવાની સમયમર્યાદા મા વધારવા માટેની અરજી કરેલ. પરંતુ, સબંધક કચેરી દ્વારા મુદત માં વધારો આપેલ ન હોય – અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | • અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે, અરજદાર શ્રી ધીરૂભાઇ કાનભાઇ વાગડિયા એ તેમના પ્લાસવા ની ખેતીવાડી સર્વે નંબર ૧ પૈકી ૩ પૈકી ૧ માં નવું ૬ હો.પા. નું ખેતીવાડી વીજ જોડાણ બોર માં લેવા માટે તારીખ ૦૯.૦૨.૨૦૧૫ ના રોજ જુનાગઢ ગ્રામ્ય પેટા વિભાગ કચેરી એ રજીસ્ટ્રેશન ફી રૂ ૨૦૦/- રસિદ નંબર ૬૩૩૦૨૦ થી ભરી ને અરજી કરેલ હતી અને આ અરજીના અનુસંધાને ગ્રામ્ય પેટા વિભાગ કચેરી ના ખેતીવાડી પ્રાયોરિટી રજીસ્ટર માં અગ્રતા ક્રમ નંબર ૩૨/૨૦૧૫ થી નોંધવામાં આવેલ હતી.<br>સદર રજીસ્ટ્રેશન ના આધારે અને સદર ખેતીવાડી વીજ જોડાણ ના અગ્રતા ક્રમ ના આધારે સદર વીજ જોડાણ વર્ષ ૨૦૧૮ માં મંજૂર થતાં પત્ર નંબર ૧૪૮૦ તારીખ ૧૪.૦૩.૨૦૧૮ થી નાયબ ઇજનેર શ્રી ગ્રામ્ય પેટા વિભાગ કચેરી જુનાગઢ દ્વારા અરજદાર શ્રી વાગડિયા ધીરજલાલ કાનજીભાઇ ને પત્ર લખી અને સદર ખેતીવાડી વીજ |

| | |
|---|---|
| | કનેક્શન માટેના નવા દસ્તાવેજી પુરાવાઓ માંગેલ હતા અને આ પત્ર ના અનુસંધાને અરજદાર શ્રી એ નવા દસ્તાવેજો અમારી ગ્રામ્ય પેટા વિભાગ કચેરી એ રજૂ કરતાં સદર ખેતીવાડી વીજ જોડાણ અંગે ની કાર્યવાહી ગ્રામ્ય પેટા વિભાગ કચેરી જુનાગઢ દ્વારા હાથ ધરવામાં આવેલ હતી.<br>ઉપરોક્ત અરજી ના અનુસંધાને જરૂરી કાર્યવાહી નાયબ ઇજનેર શ્રી ગ્રામ્ય પેટા વિભાગ કચેરી દ્વારા કરવામાં આવતા અરજદારને રૂપિયા ૭૮૫૩/- ( સાત હજાર આઠશો ત્રેપ્પન ) નું ભાવપત્રક તારીખ ૧૮.૦૫.૨૦૧૮ ના રોજ પત્ર નંબર ૨૯૮૦ દ્વારા આપવામાં આવેલ હતું અને સદર ભાવપત્રક ભરવાની અંતિમ તારીખ ૧૮.૦૬.૨૦૧૮ હતી પરંતુ સદર અરજદાર દ્વારા આ ભાવપત્રક ભરવામાં આવેલ ન હતું ત્યારબાદ અરજદાર શ્રી ધીરુભાઈ કાનજીભાઇ વાગડિયા દ્વારા તારીખ ૨૩.૦૭.૨૦૧૮ ના રોજ સદર ભાવપત્રક ભરવા માટેની ૬૦ દિવસની મુદત માંગેલી હતી પરંતુ અરજદાર દ્વારા ભાવપત્રક ભરવાની છેલ્લી તારીખ એટલેકે ૧૮.૦૬.૨૦૧૮ વિત્યા બાદ આશરે એક મહિના અને એક વીક બાદ ભાવપત્રક ભરવાની મુદત માં વધારો માંગેલ હોય વિભાગીય કચેરી દ્વારા નિયમાનુસાર આ ભાવપત્રક ભરાવા માટે નો મુદત વધારો ના મંજૂર કરેલ હતો. જેથી અરજદાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર રાજકોટ માં આ અંગેની રજૂઆત કરેલ હતી |

| **મુદ્દા નં.–૩ :** | **: નિષ્કર્ષ :** |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | • અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની અરજી ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ મુજબ ની વિગતે, અરજદાર શ્રી **ધીરુભાઈ કાનભાઇ વાગડિયા એ તેમના પ્લાસવા ની ખેતીવાડી સર્વે નંબર ૧ પૈકી ૩ પૈકી ૧ માં નવું ૬ હો.પા. નું ખેતીવાડી વીજ જોડાણ બોર માં લેવા માટે તારીખ ૦૯.૦૨.૨૦૧૫ ના રોજ જુનાગઢ ગ્રામ્ય પેટા વિભાગ કચેરી એ રજીસ્ટ્રેશન ફી રૂ ૨૦૦/- રસિદ નંબર ૬૩૩૦૨૦ થી ભરી ને અરજી કરેલ હતી અને આ અરજીના અનુસંધાને ગ્રામ્ય પેટા વિભાગ કચેરી ના ખેતીવાડી પ્રાયોરિટી રજીસ્ટર માં અગ્રતા ક્રમ નંબર ૩૨/૨૦૧૫ થી નોંધવામાં આવેલ હતી.** જે અનુસંધાને – તા.૧૮–૦૫–૧૮ થી **૭૮૫૩/- ( સાત હજાર આઠશો ત્રેપ્પન )** નું નિયત ભાવપત્રક અરજદાર ને પાઠવવામા આવેલ, જેની અંતીમ તારીખ **૧૮.૦૬.૨૦૧૮** હતી.<br>• ઉપરોકત બાબતે – અરજદાર ને સદર ભાવપત્રક રજીસ્ટર્ડ ટપાલ મારફત – ૦૮–૦૬–૧૮ થી મળી ગયેલ હોય – તેની પાવતી સામેવાળા દ્રારા રજુ કરાયેલ છે. ત્યારબાદ, અરજદાર ની અરજી તા.૨૩–૦૭–૧૮ મુજબ આર્થિક નાણાકીય ભીડના કારણોસર સદર ભાવપત્રક ભરપાઈ કરવા માટે ની સમયમર્યાદા – ૬૦ દિન વધારવા માટે લેખીત રજુઆત ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી, જુનાગઢ મા કરેલ છે. પરંતુ, ભાવપત્રક ભરપાઈ કરવાની અંતીમ તારીખ **૧૮.૦૬.૨૦૧૮** થી આશરે ૦૧ માસ અને ૦૧ સપ્તાહ વધુ થઈ ગયેલ હોય – અરજદાર ની અરજી નિયમાધીન રીતે ગ્રાહય રખાયેલ નથી, જેની જાણકારી ગ્રામ્ય વિભાગીય કચેરી નં ૧ જુનાગઢ ના પત્ર – ૨૬–૧૧–૧૮ થી અરજદાર ને અપાયેલ છે. |
| ૩.૨ | • સદર કેઈસ મા, ઉપરોકત મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે – અરજદાર દ્રારા સમયમર્યાદા માં નાણા ભરપાઈ કરેલ નથી, તેમજ નાણા ભરપાઈ કરવાની મુદત વિતી ગયા બાદ સામેવાળા ને નાણા ભરપાઈ કરવા અરજી કરેલ – જે ગ્રાહય રખાયેલ નથી. જે બાબત નિયમાધીન હોય – તે બાબતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવાનો – સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૨ મુજબ ની વિગતની જાણકારી બન્ને પક્ષકારો ને આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એન.ડી.ધામેલીયા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો **નાણાંકીય** બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.